# નિફ્ટીએ ૮૭૦૦ની સપાટી કુદાવી

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ અને નિફ્ટી નવેસરથી લાઈફ ટાઈમ ઉંચી સપાટીએપહોંચ્યા હતા. આશરે ૨૦૦ જેટલા શેર બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. આજે કારોબારના અંતે સેંસેક્સ ૫૨૩ પોઈન્ટ ઉછળીને ૨૮૭૮૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી પણ નવી ઉંચી સપાટીએ રહ્યો હતો. આજે કારોબારના અંતે નિફ્ટી ૧૪૫ પોઈન્ટ ઉછળીને ૮૬૯૬ની સપાટી રહ્યો હતો. એક વખતે નિફ્ટી ૮૭૦૭ સુધી પહોંચી ગયો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન નિફ્ટી ૮૫૭૫ની સપાટીએ પણ રહ્યો હતો. બજાર સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે, કેન્દ્રીય બજેટ પહેલા નવી આશા લોકોમાં દેખાઈ રહી છે. સરકાર વિકાસને આગળ વધારવા માટે શ્રેણીબદ્ધ નવા સુધારા પગલાની જાહેરાત કરે તેવી શકયતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૫માં વ્યાજદરમાં વધુ ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો પણ ઉત્સાહમાં દેખાઈ રહ્યા છે. શેરબજારમાં તેજી માટે ઘણા પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા છે. મેટલ, બેંક અને એફએમસીજી સેકટરમાં જોરદાર લેવાલી જામી હતી. આગામી ત્રિમાસિક ગાળામાં કમાણીના આંકડામાં સુધારો થઈ શકે છે. આજે ૧૯૭ જેટલા શેરો નવેસરથી બાવન સપ્તાહની ઉંચી સપાટી મેળવી હતી જેમાં એક્સિસ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એમઆરએફ, તાતા મોટર્સ, યસ બેંક અને શ્રી સિમેન્ટનો સમાવેશ થાય છે. નેશનલ સ્ટોક એક્સચેંજમાં પણ ૯૩ શેર એવા રહ્યા હતા જે શેરે બાવન સપ્તાહની ઉંચી સપાટી મેળવી હતી. યશ બેંક, અંબુજા સિમેન્ટ, એલઆઈસી હાઉસિંગ ફાયનાન્સ, એમઆરએફ જેવા શેરમાં પણ જોરદાર લેવાલી જામી હતી. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા ભારત અંગે વિકાસની આગાહી કરતા એફઆઈઆઈની વાપસી થઈ છે.

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્ર પૈકી છે. ભારત ૨૦૧૭માં ૬.૫ ટકાના દરે આગળ વધી શકે છે. ચીનનો આર્થિક વિકાસ દર વર્ષ ૨૦૧૪માં ૨૪ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકી ૧૦ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. મેટલ ઈન્ડેક્સમાં સૌથી ત્રણ ટકાથી વધુનો સુધારો રહ્યો હતો. અપેક્ષા કરતા વધુ સારા ચોથા ત્રિમાસિક ગાળાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. બીએસઈ બેંકેક્સમાં ૧.૮ ટકાનો સુધારો થયો હતો. એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. બેંકિંગ શેરની વાત કરવામાં આવે તો એક્સિસ બેંકમાં ચાર ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. એસબીઆઈમાં ૧.૫ ટકા અને આઈસીઆઈસીઆઈ બેંકમાં બે ટકાનો ઉછાળો નોંધાયો હતો. રિઝર્વ બેંકે બેઝરેટ અંગે સુધારેલી માર્ગદર્શિકા જારી કરી દીધી છે. આઈટીસી જેવા ઈન્ડેકસ હેવીવેઈટમાં ૩.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આરઆઈએલમાં ૨.૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઈન્ફોસીસમાં ૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. એફએમસીજીની મહાકાય કંપની એચયુએલમાં ૦.૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત ત્રીજા દિવસે તેજી રહી હતી. આની સાથે જ ૭ સપ્તાહમાં સૌથી ઊંચી સપાટી જોવા મળી હતી. સોમવારે વિપ્રોમાં જોરદાર કમાણીના પરિણામ જાહેર કરાયા હતા. ગઈકાલે કારોબારના અંતે સેન્સેક્સ ૧૪૦ પોઈન્ટ ઉછળીને ૨૮૨૬૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૭ પોઈન્ટ ઉછળીને ૮૫૫૧ની સપાટીએ રહ્યો હતો. વધુમાં સંસ્થાકીય રોકાણકારોએ ૧૧૦૦ કરોડની કિંમતના ભારતીય ઈક્વીટીમાં ખરીદી કરી છે. સ્ટોક એકસચેન્જના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એશિયન બજારમાં આજે મિશ્ર સ્થિતિ રહી હતી.



**ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજું યથાવત :** ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ઠંડીના કારણે ધુમ્મસ રહેતા ઘણા ખરા ભાગોમાં ટ્રેન અને ફ્લાઈટ ઓપરેશન્સમાં ખલેલ પહોંચી હતી. ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરેલ છે. તોફાની હવામાનને કારણે ઉત્તર પશ્ચિમ રેલવેની ચાર ટ્રેનો રદ કરાઈ હતી. જયારે ઘણી ખરી ટ્રેનો અને ફ્લાટસ વિલંબથી ઉપડયા હતા. ઠંડા પવનો પંજાબ અને હરિયાણાના કેટલાક ભાગોમાં સતત ચાલુ રહ્યા હતાં. ઝાંસીમાં લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

**અરવિંદ કેજરીવાલના શક્તિશાળી શક્તિ પ્રદર્શનથી ભાજપ ચિંતિત**

# દિલ્હીમાં કેજરીવાલના રોડ શોમાં લાખો લોકો ઉમટ્યા

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા જોરદાર શક્તિપ્રદર્શનના ભાગરુપે એએપીના નેતા અરવિંદ કેજરીવાલે આજે રોડ શો યોજ્યો હતો. આ રોડ શોમાં લાખો લોકો ઉમટી પડ્યા હતા. કેજરીવાલના પ્રચંડ રોડ શોના કારણે ભાજપના નેતાઓમાં પણ ગણતરીનો દોર શરૂ થયો છે. જો કે, કેજરીવાલને આજે નવી દિલ્હી વિધાનસભા બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાને મોકૂફ રાખવાની ફરજ પડી હતી. કારણ કે તેઓ સમય મર્યાદાને પહોંચી વળવામાં નિષ્ફળ ગયા હતા. કેજરીવાલે આગામી ચૂંટણીને ભ્રષ્ટાચારની સામે ધર્મયુદ્ધ તરીકે ગણાવીને કહ્યું છે કે, તેઓ રાષ્ટ્રીય પાટનગરમાં સ્વચ્છ શાસન ઈચ્છે છે. રાષ્ટ્રીય પાટનગરના હાર્ટ સમાન રહેલા વાલ્મિકી મંદિરથી રોડ શોની શરૂઆત થઈ હતી અને જંતર મંતર ખાતે રોડ શોની પૂર્ણાહૂતિ થઈ હતી. વાલ્મિકી મંદિર એજ જગ્યા છે જ્યાં ઓક્ટોબર ૨૦૧૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી હતી. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ટ્રકમાં ઉભા રહ્યા હતા. તેમની સાથે પક્ષના સાથીઓ મનીષ સિસોદિયા અને અન્ય સમર્થકો પણ રહ્યા હતા. ચારેબાજુ સમર્થકોની ભીડ ઉમટી પડી હતી.



સેકડો સમર્થકો મોડેથી જોડાયા હતા. જોરદાર સૂત્રોચ્ચાર, ગીત સંગીત અને એએપીના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. રોડ શો માટે રજા લઈ લેવા દિલ્હીના લોકોને કેજરીવાલે અપીલ કરી હતી. રોડ શોને ઈન્ડિયા ગેટથી દૂર રાખવાનો નિર્ણય લેવાયો હતો. વર્ષ ૨૦૧૩માં આવા સાત રોડ શો થયા હતા જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. આ વખતની ચૂંટણીમાં પણ રોડ શોની શરૂઆત થઈ ચુકી છે. કેજરીવાલના રોડ શોને લઈને પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# કિરણ બેદીને લઇને દિલ્હી ભાજપ એકમમાં અસંતોષ

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કિરણ બેદીનું નામ ભાજપે જાહેર કર્યા બાદ પક્ષની અંદર તિરાડ સ્પષ્ટપણે ખુલ્લી પડી ગઈ છે. પક્ષની અંદર કિરણ બેદીને લઈને અસંતોષનું મોજુ સપાટી ઉપર આવી ગયું છે. આજે દિલ્હી ભાજપ એકમના પ્રમુખ સતીષ ઉપાધ્યાયના સમર્થકોએ પક્ષના હેડક્વાર્ટરની બહાર જોરદાર દેખાવો કર્યા હતા. પક્ષના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કિરણ બેદીનું નામ જાહેર કરવામાં આવ્યા બાદ સતીષ ઉપાધ્યાય અને તેમના સમર્થકો નાખુશ દેખાઈ રહ્યા છે. આ સમર્થકોએ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, પેરાશૂટ મુખ્યમંત્રીને તેઓ ચલાવશે નહીં. જો કે, ઉપાધ્યાયે કહ્યું હતું કે, એકંદરે ચૂંટણી લડવામાં તેમને કોઈ રસ ન હતો. તેઓએ ટિકિટની માંગણી ક્યારે કરી નથી. ઉપરાંત મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે નામ જાહેર ન થતા નારાજ પણ નથી. ચૂંટણી નહીં લડવાનો નિર્ણય તેમનો અંગત નિર્ણય છે. ઉપાધ્યાયે કહ્યું હતું કે, બેદીના નેતૃત્વ હેઠળ આગામી ચૂંટણીમાં પક્ષને સફળતા મળે તેવી અમારી યોજના છે. બેદીનું નામ ગઈકાલે મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યું હતું. બેદી કૃષ્ણનગર બેઠક પરથી ચૂંટણી લડનાર છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે, મુખ્યમંત્રી પદના ઉમેદવારના નામને લઈને કોઈ દુવિધા કે તિરાડ નથી. ભાજપના નેતાઓના દાવા છતાં અસંતોષનું મોજુ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. કિરણ બેદીની ઉમેદવારી સામે વિરોધ થઈ રહ્યો છે. પક્ષ પ્રમુખ અમિત શાહે ગઈકાલે રાત્રે જ કહ્યું હતું કે, કિરણ બેદીના નામને લઈને કોઈ વિવાદ નથી. દિલ્હીમાં સાતમી



ફેબ્રુઆરીના દિવસે એક તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ૧૦મી ફેબ્રુઆરીના દિવસે પરિણઆમ જાહેર કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કિરણ બેદીના પ્રવેશ બાદ ભાજપને હવે ૩૭ બેઠકો મળવાનો દાવો સર્વેમાં કરવામાં આવ્યો છે. જ્યારે ૨૦૧૩માં ૨૮ બેઠકો જીતી જનાર આમ આદમી પાર્ટીને જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ૨૯ સીટ મળી રહી હતી. જે જાન્યુઆરીના બીજા સપ્તાહમાં ઘટી ગઈ હતી. હવે તેની બેઠકો ૨૬ પર અટકી રહી છે. મહિલાઓમાં કિરણ બેદી સૌથી લોકપ્રિય નેતા છે. ૫૬ ટકા મહિલાઓ કિરણ બેદીને પસંદ કરે છે જ્યારે ૩૩ ટકા મહિલાઓ કેજરીવાલની તરફેણ કરે છે. પુરૂષોમાં ૪૬ ટકા કિરણબેદીને અને ૪૪ ટક કેજરીને પસંદ કરે છે. દિલ્હીની ચૂંટણી ખુબ રોચક બની શકે છે. મત ટકાવારીને ધ્યાનમાં લેવામાં આવે તો પણ ભાજપ સહેજમાં આગળ છે. ભાજપ અને એએપીમાં મતટકાવારી અંતર માત્ર ચાર ટકા છે. ડિસેમ્બર ૨૦૧૩ની ચૂંટણીમાં ભાજપને ૩૩ અને એએપીને ૨૯ ટકા મત મળ્યા હતા. કિરણ બેદી હાલમાં જ ભાજપમાં જોડાયા છે. સાથે સાથે તેમની સામે નારાજગી પણ વધી રહી છે જેના લીધે ભાજપને નુકસાન થઈ શકે છે.

# સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થઈ શકે

નવીદિલ્હી,તા. ૨૦

સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સંસદીય બાબતોના પ્રધાન એમ વેંકૈયા નાયડુએ આજે કહ્યું હતું કે, સંસદીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠક આવતીકાલે મળનાર છે જેમાં બજેટ સત્ર અને તેના કાર્યક્રમ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, પ્રશ્નો મોકલવા માટે સભ્યોને ૧૫ દિવસની નોટિસ આપવાની જરૂર રહે છે. અમે બેઠકમાં બજેટ સત્રની સંભવિત તારીખ અંગે ચર્ચા વિચારણા કરીશું. સૂત્રોએ કહ્યું છે કે, બજેટ સેશનને લઈને તમામ રાજકીય પક્ષો પહેલાથી જ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. વિમા સેક્ટરમાં એફડીઆઈની મર્યાદા વધારવા અંગે એક સહિત કુલ આઠ વટહુકમ અને કોલસા ખાણની ઈ-હરાજીના મુદ્દા પર ચર્ચા વિચારણા કરાશે. નિયમો મુજબ વટહુકમને સંસદ સત્રની શરૂઆતના ૪૨ દિવસની અંદર કાયદામાં ફેરવી શકાય છે. આવું નહીં કરવાની સ્થિતિમાં તે રદ ગણવામાં આવે છે. ત્રણ વખત જ વટહુકમ ફરી જારી થઈ શકે છે. બજાર સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, આવતીકાલે મળનારી બેઠકમાં અન્ય વિવિધ પાસાઓ ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. નાણામંત્રી અરુણ જેટલી બીજી પેઢીના સુધારાને આગળ વધારવા મક્કમ છે. પર્યાવરણ, જમીન, વિજ, કોલસા અને ખાણ જેવા મુદ્દાઓને વહીવટી અને અસરકારક કામગીરી માટે પણ હાથ ધરવામાં આવશે. સંરક્ષણ, રેલવેમાં એફડીઆઈ મર્યાદાને હળવી કરવાની વાત થઈ રહી છે. રાજકીય બાબતોની કેબિનેટ સમિતિની બેઠક બુધવારના દિવસે યોજાશે જેમાં અન્ય વિવિધ પાસાઓ ઉપર ચર્ચા થશે. નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયા પ્લાનની આધારશીલા તૈયાર કરવામાં આવશે. લાંબુ સત્ર બે ભાગમાં રહેશે. સત્ર એપ્રિલના મધ્યમાં ફરી શરૂ થશે. આજે પણ એક બેઠક મળી હતી જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. ગઈકાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વટહુકમના મામલે સરકાર અને વિપક્ષની ઝાટકણી કાઢી હતી.

# મોદી માર્ચમાં શ્રીલંકાના પ્રવાસે જાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચમાં શ્રીલંકાના પ્રવાસે જઈ શકે છે. શ્રીલંકાના નવા વિદેશ પ્રધાન મંગલા સમરવીરા દ્વારા આ જાહેરાત કરવામાં આવ્યા બાદ નવી ચર્ચા છેડાઈ ગઈ છે. જો મોદીના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરાશે નહી તો તેઓ ૨૭ વર્ષ બાદ શ્રીલંકાના પ્રવાસે જનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બની જશે. મોદી પહેલા રાજીવ ગાંધીએ કોલંબોની યાત્રા કરી હતી. શપથગ્રહણના એક સપ્તાહથી પણ પહેલા સમયમાં ભારતના વિદેશ પ્રદાન સુષ્મા સ્વરાજના આમંત્રણ પર દિલ્હી આવેલા સમરવીરાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતું કે બન્ને દેશો વચ્ચે સંબંધોને આગામી તબક્કામાં લઈ જવા માટે મોદી શ્રીલંકાના પ્રવાસે જનાર છે. મંત્રીએ કહ્યું હતું કે બહુપક્ષીય બેઠકો માટે અનેક ભારતીય વડાપ્રધાન કોલંબો પહોંચ્યા છે. પરંતુ વર્ષ ૧૯૮૭ બાદ આ પ્રથમ દ્વિપક્ષીય પ્રવાસ હોઈ શકે છે. એ વખતે વડાપ્રધાન તરીકે રાજીવ ગાંધીએ યાત્રા કરી હતી. જો કે મોદીની યાત્રા પૂર્વે નવ નિયુક્ત પ્રમુખ મૈત્રીપાલા સિરિસેના આગામી મહિનામાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે.સુષ્મા સ્વરાજ પણ આ પ્રવાસ પહેલા અથવા તો ત્યારબાદ દ્વિપક્ષીય સંયુક્ત કમીશન બેઠક માટે કોલંબો જઈ શકે છે. સમરવીરા દ્વારા દાવો કરાયો છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધ તંગ રહ્યા છે. તેમની યાત્રાનો મુખ્ય હેતુ સંબંધોને સામાન્ય બનાવવા માટેનો રહ્યો છે. સમરવીરા વિદેશ પ્રધાન બન્યા બાદ સૌથી પહેલા ભારત આવ્યા છે. સમરવીરાના કહેવા પ્રમાણે શ્રીલંકાના નવા વડાપ્રધાન રનિલ વિક્રમાસિંઘેએ રાજપક્ષે સરકારની ચીન સાથેની તમામ મોટી સમજુતી પર ફરી વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે.

# નિતિશના નિવાસ ઉપર જેડીયુના નેતાઓ મળ્યા

પટણા, તા. ૨૦

મુખ્યમંત્રી જીતનરામ માંઝી અને વરિષ્ઠ પ્રધાન નીતિશકુમાર વચ્ચે ખેંચતાણ દિનપ્રતિદિન વધી રહી છે. આ ખેંચતાણ વચ્ચે આજે પક્ષના વરિષ્ઠ નેતાઓની બેઠક નીતિશકુમારના આવાસ ઉપર મળી હતી જેમાં રાજકીય સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. દરમિયાન મુખ્યમંત્રી જીતનરામ માંઝી ગ્રામીણ વિકાસ પ્રધાન અને સેનિટેશન પ્રધાન રામકૃપાળ યાદવ સાથે એક કલાક બેઠક કરી ચુક્યા છે. જેના કારણે જેડીયુમાં ખળભળાટ મચી ગયો છે. બિહારમાં ચૂંટણી પહેલા જેડીયુ અને આરજેડીને મુશ્કેલીમાં મુકી દેવા ભાજપે આક્રમક યોજના તૈયાર કરી લીધી છે. જીતનરામની કેન્દ્રીય પ્રધાન સાથે એક કલાક સુધીની બેઠકમાં કયા મુદ્દે ચર્ચા થઈ તે અંગે માહિતી મળી શકી નથી. આવનાર દિવસોમાં બિહારની રાજનીતીમાં ગરમી હશે.

## સમાચાર ઝલક

- હાઈકોર્ટના આદેશના કારણે સરકારી તબીબો ખાનગી પ્રેકટીસ નહિ કરી શકે.
- ભરૂચ જિલ્લાના હાંસોટમાં સઘન સુરક્ષા કરાઈ. ૪૧૦ની અટકાયત.
- ગુજરાતના ૪૭૫ માછીમારો પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે.
- સેલિબ્રીટી લીગ મેચ માટે ૧૮૦ ફિલ્મ કલાકારો તા. ૨૫મી જાન્યુઆરીએ અમદાવાદમાં પધારશે.
- અલંગ જહાજવાડામાં લાંગરેલા જહાજમાં ભીષણ આગ લાગી.
- ગુજરાતમાં વાતાવરણ બદલાશે. બુધવારે માવઠાની શકયતા.
- લગ્ન નોંધણી વખતે પતિ અને પત્નીએ ફરજીયાત હાજર રહેવું પડશે.
- ગુજરાતમાં તા. ૨૪મીએ વસંતપંચમીએ ૨૦ હજાર યુગલો પ્રભુતામાં પગલા પાડશે.
- ફેંકુ-સેલ્ફી-ટવિટ જેવા શબ્દો હવે ગુજરાતી શબ્દકોશમાં સામેલ થયા.
- અમદાવાદમાં ૧૦૦ એકરમાં લેઉવા પટેલ સમાજનું શૈક્ષણિક ધામ બનશે.
- નવી દિલ્હીમાં વડાપ્રધાન કાર્યાલયની નકલી વેબસાઈટ પકડાઈ.
- હવે નવોદિત કલાકારોનો યુગ છે-બીગ બી અમિતાભ બચ્ચન.
- અમેરિકામાં ભારે બરફવર્ષા. ૩૦ કારો ટકરાતાં ચારનાં મૃત્યુ.
- ૨૦૧૫માં ત્રાસવાદી હુમલાઓ વધશે- ઓસ્ટ્રેલિયન નિષ્ણાત.
- અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં શિયાળ આવતા મચી ગઈ ધમાલ-વન વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યું.
- ગાડી પર લાલ બત્તી માત્ર સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાઓ માટે.
- ફુટબોલ મેચ જોઈ રહેલા ૧૩ સગીરોને આઈએસઆઈએસ એ મારી નાંખ્યા.
- સૌરાષ્ટ્રના ૧૦૫૦ ખેડૂતોને મળશે સૌર ઊર્જા સંચાલિત કૃષિ પંપસેટ.
- ઈન્ટરનેશનલ લેજન્ડરી કમ્પોઝર યાન્ની વડોદરામાં પોતાના લાઈવ પર્ફોમન્સથી ધૂમ મચાવશે.

# ત્રિકોણીય શ્રેણી : ભારત પર ઈંગ્લેન્ડનો નવ વિકેટે વિજય

બ્રિસ્બેન,તા. ૨૦

કાર્લટોન વનડે શ્રેણીની ત્રીજી મેચમાં ઈંગ્લેન્ડે આજે ભારત ઉપર નવ વિકેટે શાનદાર જીત મેળવી હતી. આ એકતરફી મેચ ઈંગ્લેન્ડે બોનસ પોઈન્ટ સાથે જીતી હતી. આની સાથે જ ઈંગ્લેન્ડને પાંચ પોઈન્ટ મળ્યા હતા. હવે આ વનડે શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા પોતાની બંને મેચ જીતીને પ્રથમ ક્રમ ઉપર જ્યારે ઈંગ્લેન્ડ એક મેચમાં હાર અને એક મેચમાં બોનસ પોઈન્ટ જીત સાથે બીજા ક્રમ પર છે. જ્યારે ભારત પોતાની બંને મેચો ગુમાવી ચુક્યું છે. આજે બ્રિસ્બેનના મેદાન પર રમાયેલી મેચમાં ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ ધોનીનો આ નિર્ણય બિલકુલ અયોગ્ય સાબિત થયો હતો. ભારતે એક પછી એક વિકેટ નિયમિત ગાળામાં ગુમાવી હતી. એક વખતે ભારતે ૬૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ ત્યારબાદ ધોની અને બિન્નીએ બાજી સંભાળી હતી. ભારત તરફથી બિન્નીએ સૌથી વધુ ૪૪ રન કર્યા હતા જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. ભારત તરફથી ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફલોપ રહ્યા હતા જેમાં શિખર ધવન એક, રાયડુ ૨૩, કોહલી ચાર અને સુરેશ રૈના એક રન કરીને આઉટ થયા હતા. ઈંગ્લેન્ડ તરફથી ફિને ૩૩ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. ફિન અને એન્ડરસનના તરખાટ સામે ભારતીય બેટ્સમેનો ફલોપ રહ્યા હતા. એન્ડરસને ૧૮ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. જીતવા માટેના ૧૫૪ રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા ઈંગ્લેન્ડે માત્ર એક વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. ઈયાન બેલ ૮૮ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો જ્યારે ટેલર ૫૬ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. મેન ઓફ ધ મેચ તરીકે ફિનની પસંદગી કરવામાં આવી હતી. ભારતનો સતત બીજી મેચમાં કંગાળ દેખાવ રહ્યો હતો. ભારત તરફથી તમામ બોલરો પણ ફલોપ રહ્યા હતા.



કર્ણાટક ટપાલ સર્કલ દ્વારા ઝોનલ સ્તરના ફિલાટેલિક પ્રદર્શન કર્ણાપેક્ષ-૨૦૧૫ યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા એક લાખથી વધુ ટપાલ ટિકિટો અને ૬૦૦થી વધુ ફ્રેમ્સ પ્રદર્શિત કરાશે. ચાર દિવસ ચાલનારા આ પ્રદર્શન દરમિયાન ચારેય દિવસ અલગ અલગ થીમ રજૂ કરાશે. આ પ્રદર્શનમાં સમગ્ર વિશ્વના વિવિધ દેશોની ૧૫,૦૦૦થી વધુ ટપાલ સામગ્રીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ આયોજનમાં ફિલાટેલિક દ્વારા ભારતીય પોસ્ટ સાથે સંકળાયેલ કિવઝ અને ટ્રેઝર હન્ટ જેવી સ્પર્ધાઓ પણ બાળકો માટે યોજવામાં આવશે.